# સુરક્ષિત દૂધ ઉત્પાદન માટેના પશુ આરોગ્ય ઉપાય

ડૉ. હેતવી જે. પટેલ

Department of Veterinary Public Health and Epidemiology,
College of Veterinary Science & A.H., Kamdhenu University,
Anand, Gujarat, India

DOI:10.5281/Vettoday.17797191

VETERINARY TODAY INTERNATIONAL
ISSN 2583-8288

## પરિચય

ભારત દુનિયાનું સૌથી મોટું દૂધ ઉત્પાદક દેશ છે. દૂધ આપણા આહારનો અભિન્ન ભાગ છે, જે બાળકથી લઈને વૃદ્ધ સુધી સૌના આરોગ્ય માટે આવશ્યક છે. દૂધમાં પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન તથા ખનિજ તત્ત્વો રહેલા હોવાથી તેને "સંપૂર્ણ આહાર" તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ માત્ર દૂધનું ઉત્પાદન પૂરતું નથી — સુરક્ષિત અને સ્વચ્છ દૂધનું ઉત્પાદન આજની જરૂરિયાત છે. દૂધની ગુણવત્તા મુખ્યત્વે પશુઓના આરોગ્ય, ખોરાક, સંભાળ અને દોહન પદ્ધતિ પર આધારિત છે.

## ૧. પશુ આરોગ્યનું મહત્વ

સ્વસ્થ પશુઓ જ ગુણવત્તાસભર અને સુરક્ષિત દૂધ આપી શકે છે. જો પશુને કોઈ ચેપજન્ય કે સંક્રમિત રોગ હોય તો તે દૂધ દ્વારા માનવ સુધી પહોંચીને ગંભીર બીમારીઓનું કારણ બની શકે છે.

**મુખ્ય રોગો જે દૂધની સુરક્ષા પર અસર કરે છે:**

- **બ્રુસેલોસિસ (Brucellosis):** આ રોગથી ચેપગ્રસ્ત પશુના દૂધમાં બેક્ટેરિયા આવી શકે છે, જે માનવમાં "માલ્ટા ફીવર" ફેલાવે છે.
- **માસ્ટાઇટિસ (Mastitis):** સ્તન ગ્રંથિનો સોજો, જેના કારણે દૂધમાં pus અને જીવાણુઓ આવી શકે છે.
- **ટ્યુબરક્યુલોસિસ (TB):** આ રોગનો ચેપ દૂધ દ્વારા માનવમાં ફેલાઈ શકે છે.
- **ફૂટ એન્ડ માઉથ ડિસીઝ (FMD):** આ રોગ પશુના આરોગ્ય અને દૂધ ઉત્પાદન બંનેને અસર કરે છે.

આથી પશુઓનું નિયમિત આરોગ્ય નિરીક્ષણ, રસીકરણ અને તાત્કાલિક સારવાર જરૂરી છે.

## ૨. રસીકરણ અને નિયમિત ચકાસણી

રસીકરણ દૂધ ઉત્પાદનની ગુણવત્તા જાળવવાનો સૌથી મહત્વપૂર્ણ ઉપાય છે.

**અત્યાવશ્યક રસીઓ:**

- ફૂટ એન્ડ માઉથ ડિસીઝ (FMD) – દર ૬ મહિને
- હેમોરેજિક સેપ્ટીસેમિયા (HS) – વર્ષમાં એકવાર

- બ્લેક ક્વાર્ટર (BQ) – વર્ષમાં એકવાર
- બ્રુસેલોસિસ રસી – માદા વાછ
- છરડાંમાં (માત્ર એકવાર)

પશુઓની **હેલ્થ કાર્ડ** રાખવી જોઈએ જેમાં રસી આપવાની તારીખ, રોગની નોંધ તથા ઉપચારની વિગતો લખેલી હોય.

**૩. દોહન દરમિયાન સ્વચ્છતા અને તકેદારી**

દૂધમાં રહેલા માઇક્રોબ્સ (જીવાણુઓ)નું પ્રમાણ દોહન પ્રક્રિયા પર ભારે આધારિત છે. સ્વચ્છ દોહનથી દૂધની ગુણવત્તા જળવાય છે.

**મુખ્ય પગલાં:**

- દોહન કરતાં પહેલા હાથને સોબણથી ધોવા.
- દૂધ દોહતા પહેલા પશુના સ્તન અને ચારોને સ્વચ્છ પાણીથી ધોઈ લેવું.
- પ્રથમ થોડું દૂધ અલગ કાઢી દેવું, કારણ કે તેમાં જીવાણુઓનું પ્રમાણ વધુ હોઈ શકે છે.
- દોહન માટે સ્ટીલના કે એલ્યુમિનિયમના વાસણો જ ઉપયોગમાં લેવા.
- દોહન પછી દૂધને તાત્કાલિક ઠંડુ કરવું (૪°C સુધી).

આ રીતે દોહન દરમિયાન સ્વચ્છતા જાળવી રાખવાથી દૂધમાં ચેપજન્ય જીવાણુઓનું સંક્રમણ ટાળી શકાય છે.

**૪. ખોરાક અને પાણીની ગુણવત્તા**

દૂધની ગુણવત્તા પશુના ખોરાકની ગુણવત્તા સાથે સીધી રીતે જોડાયેલી છે. પશુઓને સંતુલિત આહાર (ચારો, ખોરાક અને ખનિજ મિશ્રણ) આપવાથી તેમનું આરોગ્ય સુધરે છે અને દૂધની પોષકતા વધે છે.

**મુખ્ય મુદ્દા:**

- ચારો ફૂગમુક્ત, તાજો અને સ્વચ્છ હોવો જોઈએ.
- બેક્ટેરિયા અને રસાયણોથી દૂષિત ચારો આપવો નહિ.
- પાણી શુદ્ધ અને તાજું હોવું આવશ્યક છે.
- ખોરાકમાં મિનરલ મિક્સચર અને વિટામિન પૂરક આપવાથી દૂધનું ઉત્પાદન અને ગુણવત્તા બંને સુધરે છે.

**૫. દવા ઉપયોગ અને એન્ટિબાયોટિક અવશેષો**

- પશુઓને જો કોઈ રોગમાં એન્ટિબાયોટિક્સ આપવામાં આવે તો તે દૂધમાં અવશેષ રૂપે રહી શકે છે. આ અવશેષો માનવ આરોગ્ય માટે હાનિકારક છે.
  તેથી **withdrawal period** (દવા આપ્યા પછી દૂધ ન વેંચવાનું સમયગાળું) પાલન કરવું ફરજિયાત છે.

**૬. રહેણાંક વ્યવસ્થા અને પશુ સંચાલન**

સ્વચ્છ, હવા વ્હેતી અને સૂકી બારણું પશુ આરોગ્ય માટે અત્યંત જરૂરી છે.

- બારણામાં રોજ સફાઈ અને ડિસઇન્ફેક્શન કરવું.
- પશુઓના પાંજરામાં પાણી ભરાઈ ન રહે તે માટે યોગ્ય ઢાળવાળી જમીન હોવી જોઈએ.
- મચ્છર, માખી, ઉંદર જેવા જીવાત નિયંત્રણ માટે પ્રતિ માસ દવા છંટકાવ કરવો.

**૭. દૂધ સંગ્રહ અને પરિવહન**

- દૂધ દોહ્યા પછી તેને તાત્કાલિક ઠંડુ કરીને

**સ્ટેઈનલેસ સ્ટીલ કે ફૂડ ગ્રેડ પ્લાસ્ટિક**

વાસણમાં રાખવું જોઈએ.
પરિવહન દરમિયાન દૂધને તાપમાનથી બચાવવા માટે ઠંડક રાખવી આવશ્યક છે.

**૮. ખેડૂતની જાગૃતિ અને તાલીમ**

- સુરક્ષિત દૂધ ઉત્પાદન માટે ખેડૂતની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ છે.
ખેડૂતને દૂધની સ્વચ્છતા, પશુ આરોગ્ય, ખોરાક, દોહન અને દૂધ સંગ્રહ વિશે તાલીમ આપવી જરૂરી છે.
કોઈ પણ રોગના લક્ષણો દેખાય ત્યારે તાત્કાલિક પશુચિકિત્સકનો સંપર્ક કરવો જોઈએ.

**નિષ્કર્ષ**

- સુરક્ષિત દૂધ ઉત્પાદન માત્ર પશુપાલકની જવાબદારી નથી, પરંતુ તે સમગ્ર સમાજના આરોગ્ય સાથે જોડાયેલ છે.
સ્વસ્થ પશુ, સ્વચ્છ દોહન પદ્ધતિ, યોગ્ય રસીકરણ, પૌષ્ટિક ખોરાક અને યોગ્ય દૂધ સંચાલન — આ પાંચ સ્તંભો પર સુરક્ષિત દૂધ ઉત્પાદન ટકેલું છે.
- જો દરેક ખેડૂત આ ઉપાયોનો અમલ કરે તો દૂધનું ઉત્પાદન માત્ર વધશે જ નહીં, પરંતુ આપણા સમાજને ગુણવત્તાસભર અને આરોગ્યપ્રદ દૂધ મળી રહેશે.